**DATE: 08/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### નંબર પ્લેટ વિનાની કાર લઇને આવતાં હતાં, પોલીસે પીછો કરતાં કારનો અકસ્માત

# ભરૂચ હાઈવે પર પાંચ માસથી ડીઝલ ચોરી કરતી સાવલીની ગેંગના 2 ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ જિલ્લાની હદમાંથી પસાર થતાં નેશનલ હાઈવે પર હોટલોના કંપાઉન્ડમાં પાર્ક કરવામાં આવતી ટ્રકોમાંથી ડિઝલની ચોરી કરતી વડોદરાના સાવલીની ગેંગના બે સાગરિતોને નબીપુર પોલીસે ઝડપી પાડયાં છે. કારમાં સવાર 3 આરોપીનો પોલીસે પીછો કર્યો હતો જેમાં કાર માચ ગામ પાસે ડિવાઈડર સાથે અથડાઈ હતી જેમાં એક આરોપી ભાગી છૂટયો હતો જયારે બેને ઝડપી લેવાયાં હતાં.

નબીપુર પોલીસ મથકના પી.એસ.આઈ કે.એમ.ચૌધરી સહિત સ્ટાફ પેટ્રોલીંગમાં હતો તે દરમિયાન બાતમી મળી હતી કે માંચ ગામના પાટીયા નજીક એક ટ્રકમાંથી ડિઝલની ચોરી થઈ છે. નંબર પ્લેટ વિનાની કારમાં આવેલ ત્રણથી વધુ ઈસમોએ ટ્રકમાંથી ડીઝલ ટેન્કનું તાળું તોડી અંદાજિત 100 લિટર મળી કુલ 9 હજારનું ડીઝલ ચોરી કારબામાં ભરી લઈ ફરાર થઈ ગયા હોવાની ચોકક્સ માહિતી પોલીસને મળી હતી. જેથી આરોપીઓને ઝડપી પાડવા માટે કવિઠા ગામ પાસે વોચ ગોઠવવામાં આવી હતી. તે સમયે નંબર પ્લેટ વિનાની બોલેનો કાર આવતાં પોલીસે તેને રોકવાનો પ્રયાસ કર્યો હતો પણ ડ્રાઈવરે કાર ઉભી ન રાખતાં પોલીસે પીછો કર્યો હતો. લુવારા પાટીયા પાસેના કટ પાસે ટર્ન લેતા ડીવાઈડર સાથે ભટકાતાં પોલીસે ત્રણ પૈકી બે ઈસમોને પકડી પાડ્યા હતા અને સાવલીના નાહરા ગામના રાજ ફળીયામાં રહેતો મહિપતસિંહ ઉર્ફે બુમરો ઉદેસિંહ પરમાર અને મુકેશ બળવંતસિંહ સોંલકીને ઝડપી પાડ્યો હતો જ્યારે ઠાસરાના મહેન્દ્રસિંહ ઉર્ફે ભયલો ચાવડા અને સાવલીના નરેન્દ્રસિંહ ઉર્ફે નીદ્દી સોલંકીને ઝડપી પાડવા કવાયત હાથ ધરી છે. કાર સાથે ઝડપાયેલા આરોપીઓ પાસેથી ચોરીના સાધનો, ડિઝલ સહિત 5 લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો છે.

**DATE: 08/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ભરૂચ એલસીબીના મહેન્દ્રનગર વિસ્તારમાં દરોડા

# પરપ્રાંતિય બાહુલ્ય ધરાવતાં ગડખોલમાં ચોરીના મોબાઈલ વેચતો વેપારી ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકાના પરપ્રાંતિય બાહુલ્ય ધરાવતાં ગડખોલ ગામમાં એલસીબીએ દરોડા પાડી ચોરીના મોબાઈલ વેચતાં વેપારીને ઝડપી પાડયો છે. મહેન્દ્રનગર જાનવી એન્ટરપ્રાઈઝ ખાતે તપાસ કરવામાં આવતાં 3 મોબાઈલ શંકાસ્પદ હાલતમાં મળ્યાં હતાં. મોબાઈલ ચોરીના હોવાનું જણાતાં વેપારીની અટકાયત કરવામાં આવી છે.

ભરૂચ એલસીબી પોલીસની ટીમ અંકલેશ્વર વિસ્તારમાં ગંભીર ગુનાનો ભેદ ઉકેલવા માટે પેટ્રોલીંગમાં હતી. તે દરમિયાન ચોક્કસ માહિતી મળી હતી કે ગડખોલ ગામના મહેન્દ્ર નગર ખાતે જાનવી એન્ટરપ્રાઈઝ નામની મોબાઈલ રીપેરીંગ ની દુકાન માં શંકાસ્પદ મોબાઈલ નું વેચાણ થઇ રહ્યું છે. પી.એસ.આઈ. કોરાણી તેમજ ટીમે દુકાન પર દરોડો પાડી તપાસ આદરી હતી. જેમાં શંકાસ્પદ 3 મોબાઈલ મળી આવ્યા હતાં. દુકાનદાર ધીરજ પાંડે પાસે જરૂરી આધાર પુરાવા માંગતા યોગ્ય પ્રતિઉત્તર ના આપતા પોલીસે 3 મોબાઈલ કિંમત રૂપિયા 15,000 ને જપ્ત કરી પોલીસે દુકાનદારની અટક કરી બી ડિવિઝન પોલીસના હવાલે કર્યો હતો. ગડખોલ તથા આસપાસના ગામોમાં હવે પરપ્રાંતિય વસતીમાં વધારો થઈ રહયો છે જેના કારણે દુકાનો પણ વધી છે અને રહેણાંક વિસ્તારો પણ ઝડપથી વધી રહયાં છે.

**DATE: 08/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-09**

# અંકલેશ્વર શહેરનાં ગોડાઉનમાંથી રૂા.૧.૭૦ લાખનો ભંગાર ઝડપાયો

**। અંકલેશ્વર ।**

અંકલેશ્વર શહેર બી ડિવિઝન પોલીસ ની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન અંસાર માર્કેટ માં સનરાઈઝ ટ્રેડિગ કંપની ના ગોડાઉન એક આઈસર ટેમ્પા માંથી ભંગાર નો જથ્થો ખાલી કરવામાં આવી રહ્યો હોવાની મળેલી માહિતી ના આધારે દરોડા પાડતા આઈ સર ટેમ્પો ચાલક પોલીસ ને જોઈ ને ફરાર થઈ ગયો હતો. બી ડિવિઝન પોલીસે ટેમ્પો માં તપાસ કરતા અંદર લોખંડ ના અલગ અલગ સેક્શન તેમજ પ્લેટો નો શંકાસ્પદ જથ્થો જોવા મળ્યો હતો.

જે અંગે ગોડાઉન માં હાજર ઝાકીરહુસેન હસમત અલી રહીમ પાસે ભંગાર ના જથ્થા અંગે જરૂરી આધાર પુરાવા અને બીલ માંગતા તેણે રજુ ન કરી સંતોષકારક જવાબ નહિ આપતા તેની ધરપકડ કરી રૂપિયા ૧ લાખ ૭૦ હજારનો કુલ ૯૨૧૦ કિલો ભંગાર નો જથ્થો તેમજ ૫ લાખ નો ટેમ્પો મળી કુલ રૂ.૬.લાખ ૭૦. હજારનો નો મુદ્દામાલ કબ્જે કરી ટેમ્પો ચાલક ઈ કબાલ ને વોન્ટેડ જાહેર કરી ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે

**DATE: 08/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-11**

# અંકલેશ્વરમાં આડેધડ પાર્ક કરેલાં વાહનોને લોક કરાયાં

**વાહનમાલિક** વિરુદ્ધ બી-ડિવિઝન પોલીસની દંડનીય કાર્યવાહી

અંકલેશ્વરઃ અંકલેશ્વર બી-ડિવિઝન પોલીસમથકના હદ વિસ્તારમાં લોકોએ આડેધડ પાર્ક કરેલાં વાહનોને પોલીસે લોક કરી દંડનીય કાર્યવાહી હાથ ધરી હતી.

ભરૂચ જિલ્લાના અંકલેશ્વર શહેરના બી' ડિવિઝન પોલીસમથકના હદ વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી લોકો જાણે ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરી રહ્યા હોય તેવાં દૃશ્યો જોવા મળી રહ્યાં છે, જેમાં નિષ્કાળજી દાખવી લોકો માર્ગની આજુબાજુમાં આડેધડ વાહનો પાર્ક કરી ટ્રાફિકને અડચણ ઊભી કરતા હોવાથી અંકલેશ્વર બી-ડિવિઝન પોલીસ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી છે, જ્યાં ગડખોલ પાટિયાથી અંકલેશ્વર રેલવે સ્ટેશન સુધીના વિસ્તારમાં લોકોએ આડેધડ પાર્ક કરેલાં વાહનોને લોક કરી દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જો કે, પોલીસની કામગીરીના પગલે કેટલાક વાહનચાલકો તેમજ પોલીસ વચ્ચે ચકમક પણ જામી હતી.

**DATE: 09/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-09**

# અંકલેશ્વર GIDC વિસ્તારમાં જુગાર રમતા ૬ જણાં ઝડપાયા

। અંકલેશ્વર ।

અંકલેશ્વર અંકલેશ્વર જી.આઈ.ડી.સી પો.સ્ટે. વિસ્તારના શ્રીજી કોરો કેર ઈન્ડસ્ટ્રીઝ કંપનીની સામે ખુલ્લામાં જુગાર રમતા છ આરોપીઓને ભરૂચ ક્રાઈમ બ્રાંચની ટિમ એ ઝડપી પાડયા છે.

ભરૂચ ક્રાઈમ બ્રાંચની ટીમ ગતરાત્રીના પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન પો.સ.ઈ આર.કે.ટોરાણીને બાતમી મળી હતી કે અંકલેશ્વર જી. આઈ.ડી.સી માં ધીરજ કેન ચોકડી નજીક આવેલ શ્રીજી કોરો કેર ઈન્ડસ્ટ્રીઝ કંપનીની સામે ટોર્ચના અજવાળે ખુલ્લામાં પાથરણું પાથરી કેટલાક શખ્સો પત્તા પાનાં વડે હારજીતનો જુગાર રમે છે જે ચોક્કસ બાતમીના આધારે પો.સ.ઈ આર.કે.ટોરાણીની ટિમ સાથે દરોડો પાડતા આરોપીઓ (૧) જયેશ પ્રકાશ વસાવા (૨) હેમંત ઠાકોર પરમાર (૩) હિમાંશુ ઠાકોરભાઈ સોની (૪) સંજય રમસિંગ તડવી (૫) જીતેન્દ્ર રવિન્દ્રકુમાર ગૌતમ (૬) સુખરામ રામેશ્વર પ્રસાદ રાવત નાઓને ઝડપી લઈ કુલ રૂ. ૨૫,૮૩૦ ના મુદ્દામાલ સાથે આરોપીઓને કબ્જે કરી વધુ તપાસ પોલીસ ચલાવી રહી છે.

**DATE: 09/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### જલધારા ચોકડી પાસે કારમાંથી બોટલો મળી હતી

# કારમાંથી દારૂ મળવાના કેસમાં ફરાર બૂટલેગર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરની જલધારા ચોકડી પાસે પાર્ક કરેલી કારમાંથી દારૂ મળવાના કેસમાં 21 નવેમ્બરથી નાસતા ફરતાં બુટલેગરને પોલીસે ઝડપી પાડયો છે. જીઆઈડીસી માં જલધારા ચોકડી પાસેથી પોલીસે ગત તા 24 નવેમ્બર ના રોજ કોસમડી ગામન બુટલેગર સુનિલ વસાવાની કારમાંથી 14 હજારના દારૂ તથા કાર સહીત રૂ.1.64 લાખ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. ઘટના બાદથી બુટલેગર પોલીસને ચકમો આપી નાસતો ફરતો હતો. પોલીસ આરોપીને શોધી રહી હતી તેવામાં તે કોસમડી ગામના રોડ પર હોવાની માહિતી મળી હતી જેથી પોલીસે દરોડો પાડી તેને ઝડપી પાડયો હતો. આરોપી કોની પાસેથી દારૂ લાવ્યો હતો અને કોને આપવાનો હતો તથા અત્યાર સુધી કયાં સંતાયો હતો સહિતની વિગતો મેળવવા તેની પૂછપરછ હાથ ધરી છે.

**DATE: 09/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### જંબુસરની ઘટના બાદ ડ્રગ્સનું નેટવર્ક ડામવા જિલ્લા પોલીસે ઝૂંબેશ હાથ ધરી

# ભરૂચ જિલ્લાની કંપનીઓમાં પોલીસની ઘનિષ્ઠ તપાસ પણ વાંધાજનક કંઈ ન મળ્યું

ભાસ્કરન્યૂઝ|ભરૂચ

જંબુસરમાં બે બહેનો સાથે દુષ્કર્મ આચરવાના કેસમાં બન્નેને નશાકારક ઈન્જેક્શન આપવાનો વીડિયો વાયરલ થયો હતો. ઘટનાને પગલે ભરૂચ પોલીસ પણ સતર્ક બની છે. ભરૂચ એસપી મયુર ચાવડાએ જિલ્લામાં ડ્રગ્સના નેટવર્કને ડામવા ખાસ ઝૂંબેશ હાથ ધરી છે. ભુતકાળમાં ભરૂચ જિલ્લામાં કંપનીઓમાં ડ્રગ્સ બનાવવાના કારસા ઝડપાયાં છે.

## એસો.ના સભ્યો સાથે પણ બેઠક કરી છે

જિલ્લાની દરેક આદ્યોગિક વસાહતના એસોસિએશન સાથે પોલીસની ટીમોએ ખાસ બેઠક યોજી છે. જેમાં તેમને તેમના વિસ્તારમાં ખાસ તકેદારી રાખવા તાકીદ કરી છે. કોઈ કંપનીમાં ડ્રગ્સ કમ્પોઝીશન બનાવાતું હોવાની ફરિયાદ કે માહિતી મળે તો તુરંત પોલીસને જાણ કરવા જણાવાયું છે.ઉપરાંત પોલીસ પણ નાની-નાની ફાર્મા કંપનીઓમામાં ચેકિંગ ચાલુ રાખશે. » મયુર ચાવડા, એસપી, ભરૂચ.

જેના પગલે એલસીબી અને એસઓજીની સંયુક્ત ટીમો બનાવી જિલ્લાની દરેક ઔદ્યોગિક વસાહતોમાં ચેકિંગ શરૂ કરાવડાવ્યું છે. ઔદ્યોગિક વસાહતોમાં નાર્કોટીક્સને લગતી અને કેમિકલ કંમ્પોઝિશનવાળી કંપનીઓમાં ખાસ ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. તેમાં પણ કોઈ કારણસર ક્લોઝર અપાયેલી કે પછી બંધ હોાવ છતાં નાનું નાનુ કામ ચાલતું હોય તેવી કંપનીઓમાં ખાસ ચેકિંગ કરાશે. મિથેનોલ કે એના જેવું અન્ય કેમિકલ કે જે નશીલા પદાર્થ બનાવવા માટે વપરાઈ શકે છે તેને સ્ટોક કરવા માટે જે તે કંપની પાસે લાયસન્સ છે કે નહીં તેમજ કંપનીએ પરવાનગી કરતાં વધુ માત્રામાં સ્ટોક કરે લો છે કે કેમ તથા સ્ટોક્ના આવક-જાવક્નું રજિસ્ટર નિભાવ્યું છે કે નહીં તે તમામ બાબતોની તપાસ કરવામાં આવશે.

**DATE: 10/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

# ફરાર આરોપી ઝડપાયો

ભરૂચ । વાલિયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં લગ્ન કરાવવાની લાલચ આપી ઠગાઇ કરતી ગેંગનો આરોપી દેવલા પાંચીયા વસાવા રહે. ચંદ્રવાણ ત્રણ વર્ષથી ફરાર હતો. દરમિયાનમાં તે ઘરે આવ્યો હોવાની વાતમી મળતા પોલીસે તેને ઝડપી પાડ્યો હતો.

**DATE: 10/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

# અંકલેશ્વર રૂરલ પોલીસ મથક ખાતે સફાઈ કરવામાં આવી



**અંકલેશ્વર ।** સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ અંતર્ગત તા 20 નવેમ્બર થી 20 ડિસેમ્બર સુધી ખાસ સફાઈ અભિયાન નું આયોજન કરવામાં આવ્યું છે જે અંતર્ગત અંકલેશ્વર રૂરલ પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેક્ટર સીસોદીયાની અધ્યક્ષતા હેઠળ પોલીસ મથક ખાતે સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જેમાં પીએસઆઈ સહીત પોલીસ કર્મચારીઓએ સાફ સફાઈ કરી હતી.